# Garbo Aavyo Re - Gujarati Lyrics

ગરબો, આવ્યો રે.

ગરબો, આવ્યો રે રમતો રમતો,
મા નો ગરબો આવ્યો રે રમતો.
અલક મલકતો હરતો ને ફરતો
આવ્યો છે આજ માનો ગરબો.
સોના કેરા દવિડા
ગરબે મેલાવું
રૂપલી જોડ તારલીયાની
ગરબે મઢાવું
રૂમઝુમતી ગાઉ માનો ગરબો… ગરબો, આવ્યો રે રમતો રમતો.
એક એક ગરબે દીસે
રમતી મોરી માત્ રે
તેજ ને પ્રકાશ કુંજ
માત્ મોરી વેરતી
રૂમઝુમતી ગાઉ માનો ગરબો… ગરબો, આવ્યો રે રમતો રમતો.
નવલાંએ નોરતાંને
ગરબે ઘૂમે રાત રે
માડી ના પગલે પગલે
કંકુવરણી ભાત રે
રૂમઝુમતી ગાઉ માનો ગરબો… ગરબો, આવ્યો રે રમતો રમતો.
અલક મલકતો હરતો ને ફરતો
આવ્યો છે આજ માનો ગરબો.
ગરબો, આવ્યો રે રમતો રમતો.

GujaratiLyrics.com